# બાઉલ બોલે છે... જીવનરહસ્યો ખોલે છે

મનુષ્ય માટે સૌથી રહસ્યમય કોયડો તે તેનું જીવન છે. ભૌતિકવાદીઓ જીવનને ટૂંકાવીને જન્મથી મૃત્યુ સુધીનું જ ગણે છે, પણ તે છતાં તેનાં રહસ્યો ન ઉકેલી શકાય તેવાં અટપટાં લાગે છે. તો આધ્યાત્મિક માન્યતાઓ અને અનેક જન્મોની શૃંખલા તરીકે જીવનને નિરખનાર અધ્યાત્મવાદીઓ માટે તો અગણિતગણું થઈ જનાર આ જીવન, તેઓ તેનાં રહસ્યોને કઈ રીતે ઉકેલી શકે?

જીવનના શાશ્વત્ ચિંતનમાં જગતભરના દાર્શનિકોથી માંડી સામાન્યજનોએ પોતાની માન્યતાઓ રજૂ કરી છે, પરંતુ રહસ્યમય જીવન અને કવનવાળા બાઉલ જીવનરહસ્ય વિશે શું બોલે છે? તેની અનંત કથાઓ અને ગીતો દ્વારા તે જીવનરહસ્યને, સાનંદ ઉકેલવાનો આ એક પ્રયત્ન છે.

વિજ્ઞાનની અનેક શાખાઓ અને તેના નિષ્ણાતો તેમ માને છે કે જેને સુખદુઃખનો અનુભવ થાય, વિચાર ચાલે, ઇચ્છા થાય, શારીરિક ક્રિયાઓ થાય, વેદના, ચિંતાનો અનુભવ થાય, ભય લાગે, તે વ્યક્તિઓ અને પદાર્થો જીવંત કહેવાય.

બાઉલ આ બાબતે જરા જુદું માને છે. તેઓ માને છે કે આ બધા અનુભવો તો દેહરૂપી યંત્રના છે! આ યંત્ર તો ક્ષણભંગુર છે, નાશવંત છે, તેના મૂલ્યની કશી ચિંતા કરવાની નથી, અંદર રહી જે શ્વાસ લે છે, પાચન કરે છે, તે 'મનેર માનુષ' રૂપીને પારખવાનો છે! આ યંત્ર દ્વારા ચાલતી ક્રિયાને જીવન માનવાની ભૂલ ન કરવા ચેતવે છે!

'આમી કોથાઈ પાબો તારે?', 'હું તને ક્યારે પામીશ?' તે પ્રશ્ન દ્વારા બાઉલ, મહાજ્ઞાની આચાર્ય શંકરના સહોદર થઈ જાય છે, આચાર્યના શાશ્વત્ પ્રશ્ન 'હું કોણ છું?' તેની જ ધ્વનિછાયમાં શંકરાચાર્ય સાથે બિરાજે છે.

આ પ્રશ્ન લઈ ઉત્તરની ખોજમાં નીકળેલી બાઉલની ફોજ ત્યાગ, તપસ્યા, સંયમ, સમર્પણ, અભ્યાસ અને વૈરાગ્યનાં સંસાધનો દ્વારા પ્રયત્ન કરે છે. તેણે તે જવાબને પ્રાપ્ત કરી પણ લીધો છે. તેની રીત બીજા બધા કરતાં જુદી છે. તેમણે જીવનરહસ્યને પામવા જતાં જીવનના આનંદને રતી માત્ર ગુમાવ્યું નથી. તેઓ કહે છે, 'આનંદના ભોગે કશું ન કરવું.'

તે માટે જરૂરી માર્ગ પણ તેમણે ચીંધ્યો. તે માર્ગ પરની ખૂબ વાતો અને ગીતો ગાયાં. નાનાવિધ સ્વભાવના માણસો, અનેક સંસ્કાર, સંગત, ક્રિયાથી, પુરુષાર્થથી ભિન્ન ભિન્ન ભૂમિકાવાળા માણસોને માટે સદા સ્વાગતની મુદ્રા ધારણ કરી, બધાને રાહ ચીંધ્યા.

ફક્ત ખંડન કરી, દરેક માર્ગના દોષ કાઢીએ તો તો માત્ર અપૂર્ણતા જ પ્રાપ્ત થાય. તેથી કોઈને વખોડ્યા વિના, અંતસ્થ મનેર માનુષને મળવાના યત્ન કરવા તેમણે જણાવ્યું. ગુરુકૃપાને માધ્યમ બનાવી, સંશયરહિત થઈ અને સાધનાપથ પર આગળ જવાનું સૂચવ્યું.

બાઉલ જદ્દુ-બિંદુ સાધનાપથને અજગર જેવો કહે છે. તે કહે છે અજગરનું મોં સાધક તરફ ખુલ્લું છે. બાઉલ બોલે છે, 'સામાન્ય રીતે તો ભીરુ સાધક, તેના ખુલ્લા વિકરાળ મોંને જોઈને જ પાછો વળી જાય છે! કોઈક સાધક હિંમત કરી, યત્ન કરી, તે પથ પર જાય છે. તો તેમાં પણ બે ફાંટા પડે છે. જે કોઈ સાધક, સાધનાપથ પર યુદ્ધ કે લડાઈ, હિંસા કે ભરી પીવાનો અહંકાર, લઈને જાય છે, તે બધા અજગરના ખુલ્લા મોંમાં જ ચાલ્યા જાય છે! સાધના જ તેને ગળી જાય છે! તે વિગલિત સાધક, સાધનાના જઠરમાં જઈ, જઠરસ્થ થઈ જાય છે! ખરેખર તો તે સાધનાના અજગરને પથ ગણી, તેના ઉપર ચઢી જવાનું હતું! કોઈ વિનમ્ર, સમજુ, ઋજુ સાધક ગુરુકૃપાથી તે સાધનાસર્પની ઉપર ચડી અને આગળ પ્રસ્થાન કરે છે.'

જદ્દુ બિંદુ બોલે છે, 'ભવાટવીના અરણ્યમાં ભટકતા સાધકના પગનાં કઠોર તળિયાં, આ સાધનાપથના અજગરની સુંવાળી ચામડીના સ્પર્શથી ટેવાયેલાં નથી! તેના કઠોર થયેલા પગ પર સાધનાના શીતલ આઘાત અસહ્ય થઈ પડે છે, તે સાધકને તે માર્ગ પર બંસીના સૂર, ખોલનો અવાજ, કરતાલનો નાદ, મૃદંગનો ધ્વનિ, ઝાંઝરનો ઝમકાર, શંખનાદ, ઘંટારવ, ભમરાનું ગુંજન વગેરે અહેસાસ

થાય છે! અને તે તે અનુભવોને અભિવ્યક્ત કરતો કરતો પાછો પતિત થાય છે! અહેસાસ પામેલો આ તપોભ્રષ્ટ, અડધો આનંદ લઈ ફરી પાછો ભટકે છે! કોઈક વીરલો જ સાધનાના સર્પપુચ્છ સુધી જાય છે! જે ત્યાં પહોંચે છે તે નિહાળે છે કે સર્પપૂંછ અને સર્પમુખ તો ચૂડા રૂપે, કુંડલીરૂપે, એક જ સ્થાને છે! તે નિહાળી તે મનેર માનુષમાં સ્થિર થઈ જાય છે.'

બાઉલ બોલે છે કે ભૌતિક જીવન કે પદાર્થને પણ અવગણવાના તો નથી જ. તે પણ મનેર માનુષનાં જ સ્વરૂપ છે! તે લીલા સ્વરૂપ છે! જેમ લાકડામાં અગ્નિ છે, તે દેખાતો નથી પણ તે તેમાં છે જરૂર. શાક્ત અને શક્તિ, બ્રહ્મ અને માયા એક જ અને અભિન્ન છે. ફક્ત તેને પરખવાનો વિવેક જરૂરી છે.

બાઉલ બોલે છે મનેર માનુષ સુધી પહોંચવાના ચાર ધોરીમાર્ગ – જ્ઞાન, કર્મ, યોગ અને ભક્તિ! તે ચાર માર્ગ તો ખરા જ, પણ આ ચારે માર્ગ પર એક તત્ત્વ સામાન્ય અને બહુવ્યાપી છે, ભક્તિના નવેય પ્રકાર – શ્રવણ, કીર્તન, સ્મરણ, પાદસેવન, અર્ચન, વંદન,દાસ્ય, સખ્ય કે સમર્પણ તે જરૂર નીવડી શકે, પરંતુ તે સૌમાં જરૂરી હોય છે પ્રેમ! જો પ્રેમ ન હોય તો આ બધી ભક્તિ માત્ર પૂજારીની જેમ નોકરી માત્ર થઈ જાય. પ્રેમ વિના પ્રાપ્ત કરેલું જ્ઞાન અને તેની ઉપલબ્ધિ ભારરૂપ નીવડે અને માત્ર અહંકારને વધારે.

પ્રેમ વિના કરેલું કર્મ તે ક્રિયાકાંડનું અવાંતર સ્વરૂપ માત્ર થઈ પડે! પ્રેમ વિના કરેલી યોગક્રિયા, માત્ર શારીરિક કસરત થઈ અને ઊભી રહે! બાઉલ તો બોલે છે કે પ્રેમ વિનાની પ્રભુસેવા કે માનવસેવા પણ વેઠ થઈ જાય. તમને જેના પર પ્રેમ ન હોય તેની સેવા કઈ રીતે કરી શકો? તેથી આ બધા જ માર્ગ અને કેડીમાં પ્રેમ તો પાથેય છે! બાઉલ તો એમ પણ બોલે કે ચારે માર્ગ જ્યાં પહોંચે છે તે મનેર માનુષનું સ્થાનક પણ પ્રેમનું એક સ્વરૂપ જ છે! અને આ ચારેય માર્ગનો નકશો બહુ મોટો નથી, તે મનુષ્યના અંતરાત્મા સુધી જ અંકાયેલો છે! તેથી તો બધા જ માર્ગના પાયામાં રહેલા આ પ્રેમતત્ત્વને બાઉલ સર્વોચ્ચ ગણે છે!

બાઉલ બોલે છે. પ્રેમના માર્ગમાં છ પૈકી રાગ, મોહ અને કામ એ ત્રણ મોટા શત્રુ છે. તે અવનવા રૂપે પ્રેમનું સ્વરૂપ ધારણ કરી, મનેર માનુષ સુધી, સાધકને પહોંચવા દેતા નથી! સાધના કરી કરીને છડેલા પ્રેમરૂપી ચોખામાં રહેલાં આ ત્રણ થોથાંને ઉડાડીને બાઉલ સતરૂપી મંગાળા પર, ચિત્તરૂપી હાંડીમાં, પ્રેમરૂપી કમોદ પકવે છે! આનંદરૂપ રાંધેલો આ ભાત આપણને પીરસે છે!

ભલા, ભોજન લેતાં લેતાં શું કોઈ બોલી શકે? તેથી જ તો બાઉલ અને ભાવક બંને મૂંગાં મૂંગાં સત-ચિત્ત-આનંદનો પ્રસાદ ગ્રહણ કરે છે.

આ કથાઓ 'અખંડ આનંદ' 'નવનીત સમર્પણ' વગેરે સામયિકોમાં પ્રગટ થયેલી છે, 'ગુજરાત મિત્ર'માં તો ધારાવાહિક રૂપે આવે છે. સંપાદક અને મિત્ર શ્રી દીપક દોશી, શ્રી બકુલ ટેલર સહિત મિત્રોનો આભાર! સમયે સમયે મને સંકોરનાર પૂજ્ય આચાર્ય શીલચંદ્રસૂરિજી મહારાજસાહેબ, પૂજ્ય શ્રી મનોજભાઈ રાવલ, પૂજ્ય લાભશંકરભાઈ પુરોહિત તથા મિત્રોનો વંદનસહ ઋણસ્વીકાર કરું છું.

૨૫, બઈસાક 1431 બંગાબ્દ, (રવિજયંતી) **– સતીશચંદ્ર વ્યાસ**

આઠમી મે, 2024. જામનગર